ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરનો યુવાન ગુગલ માટે સવા કરોડનો..!!!

**સે. ૪ના મહર્ષિ ગોરને ગુગલે અધધ... રૂ. ૧.૩૦ કરોડના પેકેજ સાથે આર્ટિફિશ્યિલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રે સંશોધન કરવા પસંદ કર્યો : છ માસની પસંદગી પ્રક્રિયા બાદ મહર્ષિ અમેરિકાના મેનહટ્ટન-ન્યુયોર્ક રીસર્ચ સેન્ટર ખાતે કાર્યરત થવા રવાના**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના યુવાનોમાં અખૂટ ક્ષમતા પડેલી છે, જેઓ સમગ્ર વિશ્વમાં પોતાની પ્રતિભા સાથે પાટનગરના નામનો ડંકો વગાડવા સક્ષમ છે તે ફરી એકવાર સાબિત થયુ છે. ગાંધીનગરના સેક્ટર-૪ના



યુવાન મહર્ષિ ગોરની ગુગલ દ્વારા આર્ટિફિશ્યિલ ઈન્ટેલિજન્સક્ષેત્રે સંશોધન માટે અધધ... કહી શકાય તેવા રૂપિયા ૧.૩૦ કરોડના પેકેજ સાથે પસંદગી કરવામાં આવી છે અને તે માટે મહર્ષિ અમેરિકા સ્થિત ગુગલના મેનહટ્ટન-ન્યુયોર્ક રીસર્ચ સેન્ટર ખાતે જોડાવા રવાના થઈ ગયાં છે.

ગુગલ દ્વારા વિશ્વમાં નવ જેટલાં સ્થળોએ સંશોધન કેન્દ્રો ચલાવવામાં આવે છે અને આ સંશોધન કેન્દ્રો પર ''આર્ટિફિશ્યિલ ઈન્ટેલિજન્સ'' ક્ષેત્રે સંશોધન કરી શકે તેવા પ્રતિભાશાળી યુવાનોની છેલ્લાં છ માસથી પસંદગી પ્રક્રિયા ચાલી રહી હતી. આ અંતર્ગત ગુગલે ૩૫થી ૫૦ જેટલાં સંશોધકોની પસંદગી કરી છે જેમાં ગાંધીનગરના યુવાન મહર્ષિ ગોરની પણ પસંદગી થતાં સમગ્ર શહેરમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. મહર્ષિ ગોરની પસંદગી સાથે જ ગુગલ દ્વારા તેમને રૂપિયા ૧.૩૦ કરોડનું અત્યાર સુધીનું ગાંધીનગર અથવા કદાચ ગુજરાતમાં સૌથી વધુ કહી શકાય તેવુ પેકેજ ઓફર કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહર્ષિ ગોરે ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાંથી ધો. ૧૨ પાસ કર્યા બાદ નાગપુર ખાતેની એનઆઈટી સંસ્થામાંથી કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક કર્યુ છે. અભ્યાસ દરમ્યાન જ મહર્ષિને ગોલ્ડમેન-સ્પેક જેવી મલ્ટીનેશનલ કંપનીએ જોબ ઓફર કરી હતી પરંતુ મહર્ષિએ અભ્યાસ બાદ એક વર્ષ કોડનેશન અને એમેઝોનમાં કામ કરવાનું પસંદ કર્યુ હતુ. આ પછી તેઓ બેંગ્લોર ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સીઝમાં મશીનલર્નિંગ ક્ષેત્રે સંશોધન કાર્ય કરી રહ્યાં હતા અને તે સાથે જ તેમણે ગુગલના સ્થાપક સર્ગેઈ બ્રીન જેમાં અભ્યાસ કરી ચુક્યાં છે તેવી અમેરીકાની યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડમાં પીએચડી

● અનુસંધાન પાન-૭ પર

### પુત્રની સિદ્ધિથી મા-બાપ ગદ્ગદિત..!!!

સેક્ટર-૪માં રહેતા મહર્ષિ ગોરના પિતા ડૉ. અજય ગોર કડી ખાતેની પ્રમુખસ્વામી સાયન્સ કોલેજમાં આચાર્ય છે જ્યારે તેમની માતા ગાંધીનગરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સેવાઓ આપી રહ્યાં છે. મહર્ષિને પ્રાપ્ત થયેલી અકલ્પિય સિદ્ધિના કારણે માતા-પિતાના ઉત્સાહનો પાર રહ્યો નથી અને તેઓ ગૌરવની લાગણી અનુભવી રહ્યાં છે.

# હવે, રીટાબેન પટેલ મેયર

**વિવાદો વચ્ચે ભાજપના રીટાબેન પટેલે મેયર તરીકે અને નાઝાભાઈએ ડે.મેયરનો હોદ્દો સંભાળ્યો : કમિશ્નરશ્રીએ લેખિતમાં મેયરને ચુંટાયેલા જાહેર કરતાં વધુ એક વિવાદ**



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર તરીકે શ્રીમતિ રીટાબેન પટેલ, ડે. મેયર તરીકે નાઝાભાઈ ધાંધરે આજે તેમના હોદ્દાનો ચાર્જ વિવાદો વચ્ચે સંભાળી લીધો છે.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ સવારે કોંગ્રેસના પ્રતિનિધિઓને જણાવ્યુ હતુ કે તેમણે કોઈ હુકમો કર્યા નથી જોકે આ બાબતે લેખિતમાં આપવાની માંગણી કરતાં બપોરે ૩ વાગે કમિશ્નરશ્રીએ એક લેખિત આદેશમાં મેયર તરીકે રીટાબેન પટેલને વિધિવત્ મેયર તરીકે ચુંટાયેલા જાહેર કર્યા છે.

આજે મનપાની કચેરીમાં ભાજપ ચાર્જ સંભાળવામાં તો કોંગ્રેસ કાનૂની વાંધા મુદ્દાઓને લઈ રજુઆતો કરતાં સમગ્ર મનપામાં સતત રાજકીય ઉત્તેજનાભર્યુ વાતાવરણ રહ્યુ હતુ.

મનપાના મેયર તરીકે રીટાબેન પટેલ અને ભાજપના જ ડે. મેયર તરીકે નાઝાભાઈ ધાંધરે ૧૦.૪૦ સુમારે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો.

ભાજપના હોદ્દેદારોએ ચાર્જ સંભાળ્યો ત્યારે ગણ્યા ગાંઠ્યા કાઉન્સીલરો અને શહેરના આગેવાનો હાજર રહ્યા હતા. જોકે ૧૧ વાગ્યા પછી કાર્યકરો તેમાં જોડાયા હતા.

સરઘસાકારે ભાજપના આગેવાનો આવ્યા હતા અને ભવ્ય

● અનુસંધાન પાન-૭ પર

## મનપાના સેક્રેટરી પદેથી પિનાકીન જોશીનું રાજીનામુ

**કમિશ્નર દ્વારા કારણદર્શક નોટીસ અપાતાં જોશીએ હોદ્દો છોડી દીધો..!**

ગાંધીનગર, તા. ૧૫

મેયરના હોદ્દાનો ચાર્જ સંભાળવાને લઈ ઉભા થયેલા વિવાદના પ્રકરણમાં આજે સાંજે મનપાના સેક્રેટરી પિનાકીન જોશીએ તેમના હોદ્દા પરથી રાજીનામુ આપી દેતાં સમગ્ર પ્રકરણ ટોક ઓફ ધી ટાઉન બન્યુ છે.

મળતી વિગતો પ્રમાણે પરિણામ સામાન્ય સભામાં જ જાહેર

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના કાઉન્સીલરોએ ત્રણ કલાક કમિશ્નરની કચેરીમાં ધામા નાખ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર અને ડે. મેયરની ચૂંટણીનું પરિણામ જાહેર થયુ નથી ત્યારે કોઈ વ્યક્તી કેવી રીતે હોદ્દો સંભાળી શકે તેવી ઉગ્ર રજુઆત સાથે કોંગ્રેસના કાઉન્સીલરોએ આજે ત્રણ કલાકથી વધુ સમય સુધી કમિશ્નરની કચેરીનો કબ્જો જમાવ્યો હતો.

આજે સવારે ૧૦.૩૦ વાગે કાઉન્સીલરોને સમય આપવામાં આવ્યો હતો પરંતુ બોલાવવામાં ૧૫ મિનિટ જેટલો સમય લાગતાં એક તબક્કે કાઉન્સીલરો અને પોલીસ કર્મીઓ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ થવા પામી હતી.

કોંગ્રેસના કાઉન્સીલરો એક તરફ તેમનો વિરોધ વ્યક્ત કરી રહ્યા હતા ત્યારે બીજી બાજુ મેયર તરીકે રીટાબેન પટેલ અને ડે. મેયર નાઝાભાઈ ધાંધરે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી રહ્યા હતા.

કોંગ્રેસના કાઉન્સીલરોની



રજુઆત દરમ્યાન કમિશ્નરશ્રીએ તેમણે કોઈ મંજૂરી આપી નહિ હોવાનું જણાવતાં કાઉન્સીલરોએ તે મુદ્દે તેમને લેખિતમાં ઉત્તર આપવાની માંગ કરતાં મામલો ગુંચવાયો હતો.

આ પછી કાનૂન વિદ્દો તેમજ કેટલાક અધિકારીઓ સાથે પરામર્શ કરી અને ૨.૫૦ મિનિટે લેખિતમાં ચૂંટણીનું પરિણામ જાહેર કરી રીટાબેન પટેલને મેયર તરીકે વિધિવત્ ઘોષિત કરાયા છે તેવો પત્ર આપ્યો હતો. આ હુકમમાં કમિશ્નરશ્રીએ એડીશનલ

● અનુસંધાન પાન-૭ પર

લોકસભા ચૂંટણી ૨૦૧૯

દેશનો મહા તહેવાર

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે થઇ જાઓ તૈયાર

મતદાન મથક પર ઓળખના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે તેવા દસ્તાવેજ / ઓળખપત્ર

મતદાનની તારીખઃ ૨૩-૪-૨૦૧૯

- મતદાર ફોટો ઓળખકાર્ડ ૧
- પાસપોર્ટ ૨
- ડ્રાઇવિંગ લાઇસન્સ ૩
- કેન્દ્ર/રાજ્ય સરકાર, જાહેર સાહસ તથા પબ્લિક લિમિટેડ કંપનીઓ દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેનું સર્વિસ ઓળખકાર્ડ ૪
- બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલ ફોટા સહીતની પાસબુક ૫
- પાન (PAN) કાર્ડ ૬
- એન.પી.આર. અંતર્ગત આર.જી.આઈ. દ્વારા આપવામાં આવેલ સ્માર્ટકાર્ડ ૭
- મનરેગા જોબકાર્ડ ૮
- શ્રમ મંત્રાલયની આરોગ્ય વીમા યોજના અંતર્ગત આપવામાં આવેલ સ્વાસ્થ્ય વીમા સ્માર્ટકાર્ડ ૯
- પેન્શન દસ્તાવેજ ફોટો સહીત ૧૦
- સંસદસભ્યો, વિધાનસભ્યો, વિધાન પરિષદના સભ્યોને આપવામાં આવેલ સરકારી ઓળખકાર્ડ ૧૧
- આધારકાર્ડ ૧૨

#GoVerify

કોઈ પણ મતદાર રહી ન જાય

યાદ રાખો ફોટો વોટર સ્લીપ ફક્ત માર્ગદર્શન માટે છે, ઓળખના પુરાવા તરીકે તેનો ઉપયોગ કરી શકાશે નહિ

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત.

ભારતનું ચૂંટણી પંચ

www.eci.gov.in

મતદાર હેલ્પલાઇન ૧૯૫૦

www.nvsp.in

હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવા માટે

## શહેરના વાતાવરણમાં પલ્ટો પારો ૫ ડિગ્રી નીચે ઉતર્યો

**બપોરે આકાશી નઝારો બદલાયો : આકરા તાપમાં રાહત છતા નગરજનોએ બફરો અનુભવ્યો : વાતાવરણ પલ્ટાની અસર હજુ રહેશે આગામી ચોમાસુ સાનુકુળ રહેશે : હવામાન વિભાગ**



ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં આગ ઓકતી ગરમી વચ્ચે આજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી ગરમીનુ પ્રમાણ યથાવત રહ્યુ હતુ જયારે બપોરના સમયે આકાશમાં વાદળો ગોરંભાયેલા રહેતા ગમે ત્યારે પવનના સુસવાટા વચ્ચે વરસાદ વરસશે તેવી આશ બંધાઈ હતી. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ આકરો બફારો સહન કર્યો હતો. વાતાવરણ પલ્ટા વચ્ચે ગરમીનો પારો ૩૭.૬ ડિગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો મહત્તમ તાપમાન ૫ ડિગ્રી નીચે આવતા નગરજનોએ અંગારા વરસાવતી ગરમીમાં રાહત અનુભવી હતી. પરંતુ વાતાવરણમાં બફારો યથાવત રહ્યો હતો.

સમગ્ર રાજયમાં આગ ઓકતી ગરમી વચ્ચે નાગરિકો તોબા પોકારી ગયા છે. જયારે આક્રમક ગરમી વચ્ચે અચાનક જ આજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. કચ્છ સૌરાષ્ટ્ર સહીત સુરેન્દ્રનગર , અમરેલી બનાસકાંઠા , સાબરકાંઠા સહીતના વિસ્તારમાં વાદળિયા વાતાવરણ વચ્ચે હળવા વરસાદી છાંટણા પણ વરસ્યા હતા. જયારે કેટલાક ઠેકાણે દિનભર વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. આક્રમક ગરમી વચ્ચે વાદળિયા વાતાવરણથી નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. મહત્તમ તાપમાનમાં ગિરાવટ આવી હતી. પરંતુ આકરી ગરમીની અસર યથાવત રહી હતી. દિવસે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com